રાજયમાં સૂક્ષ્મ સિંચાઈ ટપક અને
ફુવારા પધ્ધતિના કાર્યક્રમની યોજના.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૫–૪૯૭(૩૮)–પાર્ટ–૩–ન.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૩.૦૪.૨૦૧૨.

**વંચાણે લીધા** (૧) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૫–૪૯૭–ન, તા.૦૯.૦૫.૨૦૦૫.
(૨) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૫–૪૯૭–ન, તા.૨૯.૧૨.૨૦૦૬.
(૩) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૫–૪૯૭–(૩૮)–પાર્ટ–૨–ન, તા.૩૧.૦૩.૨૦૦૮.
(૪) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની ફાઈલ ક્રમાંકઃ જી. ડબલ્યુ.આર–૨૦૦૩–૧૪–જ$_1$ પૃ–૫૧–૫૨/નો.વિ. પરની નોંધ.

**આમુખ :–**

સમગ્ર રાજયમાં સૂક્ષ્મ સિંચાઈ (ટપક/ફુવારા/રેઈનગન્સ/પોરસપાઈપ) (Micro Irrigation (Drip / Sprinkler / Porous pipes) પધ્ધતિના સરળ અને એકસમાન અમલીકરણ થઈ શકે તે માટે તથા તેનો લાભ વધુ ને વધુ ખેડૂતોને સહેલાઈથી મળી શકે તે માટે એક સંકલીત યોજના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૦૯.૦૫.૨૦૦૫ ના ઠરાવથી અમલમાં મુકાયેલ છે. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ ક્રમાંકઃ પરચ– ૧૦૨૦૦૫–૪૯૭–ન, તા.૦૯.૦૫.૨૦૦૫ થી ઉકત યોજના અનુસાર સદર યોજના હેઠળ લાભ મેળવતાં રાજયના ખેડૂતોને કુલ એમ.આઈ.એસ. કોસ્ટના ૫૦ ટકા અથવા પ્રતિ હેકટર રૂા.૫૦,૦૦૦/– બંનેમાંથી જે રકમ ઓછી હશે તે સહાય સ્વરૂપે મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૫–૪૯૭–(૩૮)–પાર્ટ–૨–ન, તા.૩૧.૦૩.૨૦૦૮થી રાજયના ખેડૂતોને કુલ એમ.આઈ.એસ. કોસ્ટના ૫૦ % અથવા પ્રતિ હેકટર રૂા. ૬૦,૦૦૦/– બન્નેમાંથી જે રકમ ઓછી હોય તે સહાય સ્વરૂપે મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ.

વિભાગના ઉપર દર્શાવેલ વંચાણે લીધેલ ઠરાવ (૨) થી યોજનાના ભાગરૂપે પાણીની સંગ્રહશકિત (ટાંકા)ની જોગવાઈ રાખી શકશે અને તેના ખર્ચનો સમાવેશ ટપક/ફુવારા પધ્ધતિના કુલ ખર્ચમાં કરી શકશે. જે જોગવાઈ મરજીયાત રહેશે. આ કુલ ખર્ચ ઉપર સહાયની રકમ ઉપર જણાવ્યું તેમ ગણવાની થાય છે.

ભૂગર્ભ જળના અતિદોહન વિસ્તારમાં ભૂગર્ભ જળ દોહન અંગેના નિયંત્રણો માન. મંત્રીશ્રી (જ.સં.) ધ્વારા તા.૨૮.૦૨.૨૦૧૨ના રોજ વિધાનસભાના નિયમ–૪૪ હેઠળ નીચે મુજબ નિવેદન કરવામાં આવેલ.

" રાજયની જમીન, જળ જેવા કુદરતી સંશોધનની ગુણવત્તા જળવાઈ રહે અને ખેડૂત તથા ખેતી વધુ સમૃધ્ધ બને તેવા ઉમદા હેતુથી, ભૂગર્ભ જળનો સંચય જળવાઈ રહે તે માટે ભૂતકાળની પરિસ્થિતિ ફરીથી સર્જાય નહિ તેની કાળજી લેવી અનિવાર્ય છે. આથી આ ૫૭ તાલુકાઓમાં (પત્રક–૧ મુજબ) સૂક્ષ્મ સિંચાઈ અપનાવનાર ખેડૂતોને, રાજય સરકાર ધ્વારા હાલ અપાતી પ્રોત્સાહક સહાયના ધોરણમાં ૫૦ ટકાથી વધારો કરી ૬૦ ટકા કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે ".

<u>ઠરાવ</u> :–

રાજયમાં સૂક્ષ્મ સિંચાઈ/ટપક/ફુવારા/રેઈનગન્સ/પોરસપાઈપ પધ્ધતિની રાજય સરકારની હયાત યોજનામાં રાજયની જમીન, જળ જેવા કુદરતી સંશોધનની ગુણવત્તા જળવાઈ રહે અને ખેડૂત તથા ખેતી વધુ સમૃધ્ધ બને તેવા ઉમદા હેતુથી, ભૂગર્ભ જળનો સંચય જળવાઈ રહે તે માટે ભૂતકાળની પરિસ્થિતિ ફરીથી સર્જાય નહિ તેની કાળજી લેવી અનિવાર્ય છે. આથી આ ૫૭ તાલુકાઓમાં (પત્રક–૧ મુજબ) સૂક્ષ્મ સિંચાઈ અપનાવનાર ખેડૂતોને, રાજય સરકાર ધ્વારા હાલ અપાતી પ્રોત્સાહક સહાયના ધોરણમાં ૫૦ ટકાથી વધારો કરી ૬૦ ટકા કરવાનો રાજય સરકારે નિર્ણય મુજબ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) સદર યોજના હેઠળ આ સાથે સામેલ પત્રક–૧ ના ૫૭ તાલુકાઓમાં સૂક્ષ્મ સિંચાઈ અપનાવનાર રાજયના ખેડૂતોને રાજય સરકાર ધ્વારા હાલ અપાતી પ્રોત્સાહક સહાયના ધોરણમાં ૫૦ ટકાથી વધારો કરી ૬૦ ટકા કરવામાં આવે છે. એટલે કે કુલ એમ.આઈ.એસ. કોસ્ટના ૬૦ ટકા અથવા પ્રતિ હેકટર રૂા.૬૦,૦૦૦/– બન્નેમાંથી જે ઓછી રકમ હશે તે રકમનો ફાળો હવેથી આ સાથે સામેલ કરેલ પત્રક–૧ મુજબના ૫૭ તાલુકાઓમાં સૂક્ષ્મ સિંચાઈ અપનાવનાર રાજયના ખેડૂતોને મળવાપાત્ર થશે. જયારે રાજયના બીજા તાલુકાઓમાં સૂક્ષ્મ સિંચાઈ અપનાવનાર રાજયના ખેડૂતોને નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પરચ– ૧૦૨૦૦૫–૪૯૭– (૩૮)– પાર્ટ–૨ –ન તા.૩૧.૦૩.૨૦૦૮ માં કરેલ જોગવાઈ પ્રમાણે સહાય મળવાપાત્ર થશે. તથા ઉપરોકત બાબતે યોજનાના ભાગરૂપે પાણીનો સંગ્રહશક્તિ માટે સમ્પ (ટાંકા)ની જરૂર હશે તે કરી શકશે. જેના ખર્ચનો સમાવેશ યોજનાના કુલ ખર્ચમાં કરી લેવાનો રહેશે. જો કે, આ જોગવાઈ મરજીયાત છે.

(૨) રાજયના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના જળસંપત્તિ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જી.ડબલ્યુ.આર.–૨૦૦૩–૧૪–જ૧, તા.૦૧.૦૩.૨૦૧૨ અને તા.૨૭.૦૩.૨૦૧૨ (ડાર્કઝોનમાં ખેતી વિષયક વિજ કનેકશન પરના નિયંત્રણો દૂર કરવા બાબત) ની જોગવાઈઓ પ્રમાણે ૫૭ તાલુકાઓમાં ઠરાવ પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે અને રાજયના બાકીના તાલુકાઓમાં નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના નર્મદા પ્રભાગના તા.૦૯.૦૫.૨૦૦૫ અને તા.૩૧.૦૩.૨૦૦૮ (રાજયના સૂક્ષ્મ સિંચાઈ ટપક અને ફુવારા પધ્ધતિના કાર્યક્રમની યોજના) ઠરાવો પ્રમાણે જોગવાઈઓ ચાલુ રહેશે.

રાજયના કોઈપણ ખેડૂત ગમે તેટલી જમીન ધરાવતા હોય તો પણ સૂક્ષ્મ પિયત પધ્ધતિઓનો લાભ લઈ શકશે. અને એક હેકટરના યુનિટ પ્રમાણે એક હેકટરથી ઓછી જમીન ધરાવનાર લાભાર્થી ખેડૂતો પણ સપ્રમાણે સબસીડીનો લાભ મેળવી શકશે.

(૩) આ ઠરાવની જોગવાઈઓનો અમલ તા.૦૧.૦૪.૨૦૧૨થી શરૂ કરવામાં આવશે એટલે કે, તા.૦૧.૦૪.૨૦૧૨ પછી મંજુર કરવામાં આવનાર નવી અરજીઓને આ ઠરાવની જોગવાઈઓ લાગુ પડશે.

(૪) આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગના તા.૧૫.૦૩.૨૦૧૨થી મળેલ સહમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વિ. ઓ. પરીખ)
ઉપસચિવ (નર્મદા)
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

**<u>નકલ સાદર રવાના પ્રતિ,</u>**

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (મહેસૂલ, આપત્તિ, વ્યવસ્થાપન, મા અને મ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (પા.પુ. અને જ.સં.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કૃષિ અને સહકાર)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (ગૃહ, જેલ નશાબંધી, કાયદો અને ન્યાયતંત્ર)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી અને વહીવટી સંચાલકશ્રી, સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિ., વડોદરા.
- અધ્યક્ષશ્રી, જી.ઈ.બી., વડોદરા

- અધ્યક્ષશ્રી, ગુજરાત એગ્રો લિ., ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ અને સહકાર), સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (વન અને પર્યાવરણ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉર્જા વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (જ.સં.), ન. જ. સં. પા. પુ. અને કલ્પસર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત વહીવટી નિયામકશ્રી, સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર.
- સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (કૃષિ), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (નર્મદા), ન. જ. સં. પા. પુ. અને કલ્પસર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (તમામ), સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત વહીવટી સંચાલકશ્રી, ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિ., વડોદરા.
- સંચાલકશ્રી (વહીવટ), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ., વડોદરા.
- કલેકટરશ્રી (તમામ).
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ).
- સીલેકટ ફાઈલ.

પત્રક :- ૯

## ઓવર એક્ષપ્લોઈટેડ કેટેગરીમાં પડતા તાલુકાઓની યાદી

| ક્રમ | તાલુકો | જિલ્લો | ક્રમ | તાલુકો | જિલ્લો | ક્રમ | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | મહેસાણા | ૧૫ | દિયોદર | બનાસકાંઠા | ૨૯ | માણાવદર | જુનાગઢ |
| ૨ | કડી | મહેસાણા | ૧૬ | ભાભર | બનાસકાંઠા | ૩૦ | વડોદરા | વડોદરા |
| ૩ | ખેરાલુ | મહેસાણા | ૧૭ | ભીલડી | બનાસકાંઠા | ૩૧ | આમોદ | ભરૂચ |
| ૪ | વિસનગર | મહેસાણા | ૧૮ | પાંથાવાડા | બનાસકાંઠા | ૩૨ | જંબુસર | ભરૂચ |
| ૫ | વિજાપુર | મહેસાણા | ૧૯ | કાંકરેજ | બનાસકાંઠા | ૩૩ | અંકલેશ્વર | ભરૂચ |
| ૬ | સતલાસણા | મહેસાણા | ૨૦ | ગાંધીનગર | ગાંધીનગર | ૩૪ | કપડવંજ | ખેડા |
| ૭ | ઉંઝા | મહેસાણા | ૨૧ | કલોલ | ગાંધીનગર | ૩૫ | કઠલાલ | ખેડા |
| ૮ | બેચરાજી | મહેસાણા | ૨૨ | માણસા | ગાંધીનગર | ૩૬ | મહેમદાવાદ | ખેડા |
| ૯ | ચાણસ્મા | પાટણ | ૨૩ | દહેગામ | ગાંધીનગર | ૩૭ | અંજાર | કચ્છ |
| ૧૦ | પાટણ | પાટણ | ૨૪ | ઈડર | સાબરકાંઠા | ૩૮ | માંડવી | કચ્છ |
| ૧૧ | સિધ્ધપુર | પાટણ | ૨૫ | સીટી-દસ્ક્રોઈ | અમદાવાદ | ૩૯ | ભચાઉ | કચ્છ |
| ૧૨ | વાગડોદ | પાટણ | ૨૬ | સાણંદ | અમદાવાદ | ૪૦ | રાપર | કચ્છ |
| ૧૩ | થરાદ | બનાસકાંઠા | ૨૭ | કોડીનાર | જુનાગઢ | | | |
| ૧૪ | વડગામ | બનાસકાંઠા | ૨૮ | વંથલી | જુનાગઢ | | | |

## ડાર્ક કેટેગરીમાં પડતા તાલુકાઓની યાદી

| ક્રમ | તાલુકો | જિલ્લો | ક્રમ | તાલુકો | જિલ્લો | ક્રમ | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | બનાસકાંઠા | ૫ | ડીસા | બનાસકાંઠા | ૯ | પોરબંદર | પોરબંદર |
| ૨ | અમીરગઢ | બનાસકાંઠા | ૬ | મેઘરજ | સાબરકાંઠા | ૧૦ | માંગરોળ | જુનાગઢ |
| ૩ | દાંતીવાડા | બનાસકાંઠા | ૭ | મોડાસા | સાબરકાંઠા | | | |
| ૪ | ધાનેરા | બનાસકાંઠા | ૮ | ધોળકા | અમદાવાદ | | | |

## ખારાશયુકત ભૂગર્ભજળવાળા તાલુકાઓની યાદી

| ક્રમ | તાલુકો | જિલ્લો | ક્રમ | તાલુકો | જિલ્લો | ક્રમ | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાવ | બનાસકાંઠા | ૪ | સમી | પાટણ | ૭ | લખતર | સુરેન્દ્રનગર |
| ૨ | સાંતલપુર | પાટણ | ૫ | હારીજ | પાટણ | | | |
| ૩ | રાધનપુર | પાટણ | ૬ | માળીયા | રાજકોટ | | | |